# સુરત મહાનગરપાલિકા

**(Visit us at www.Suratmunicipal.gov.in)**

## આકારણી અને વસુલાત વિભાગ

## મિલકતવેરાના વ્યાજમાં પ્રોત્સાહક યોજના

FIT INDIA

આથી સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારના તમામ મિલકતદારોને જણાવવાનું કે, તા. ૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં અગાઉના વર્ષોના બાકી વેરા સહિત નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષનો મિલકતવેરો યુઝર ચાર્જ તેમજ શિક્ષણ વેરા સહિત તમામ વેરો પુરેપુરો ભરપાઈ કરવામાં આવશે તો નીચે મુજબની રાહત મળવાપાત્ર છે.

(અ) રહેણાંક મિલકતો માટે તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીની વ્યાજપાત્ર રકમ પરના વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનલ્ટીમાં ૧૦૦% રાહત.

(બ) બિન રહેણાંક મિલકતો માટે તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીની વ્યાજપાત્ર રકમ પરના વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનલ્ટીમાં ૫૦% રાહત.

સુરત શહેરનાં કરદાતાઓને સુચિત કરવામાં આવે છે કે, સને ૨૦૨૨-૨૩ નાં વર્ષનાં મિલ્કતવેરાનાં બીલો કરદાતાઓને કર્મચારીઓ દ્વારા પહોંચાડવામાં આવ્યા છે. તેમ છતાં કોઈક કારણસર આપના વેરાબીલ મળેલ ન હોય તો આપના વિસ્તારની ઝોન કચેરીમાં આકારણી અને વસુલાત વિભાગનો રૂબરૂ સંપર્ક કરી બીલ અંગેની માહિતી મેળવી અથવા મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપરથી બીલની નકલ મેળવી તાકીદે વેરાબીલ ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

તા. ૩૧/૦૩/૨૦૨૩ સુધી તમામ જાહેર રજાઓ (ધુળેટી સિવાય) તેમજ બીજા અને ચોથા શનિવારના દિવસે પણ વેરો ભરપાઈ થઈ શકે તે માટે તમામ સીવીક સેન્ટરો સવારે ૧૦.૩૦ કલાકથી બપોરના ૩.૩૦ કલાક સુધી ચાલુ રહેશે.

સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal. gov.in માં લોગઈન કરી ઈ-પેમેન્ટ કરી શકશો.

ઉપરોક્ત યોજનાનો મહત્તમ લાભ લેવા તમામ કરદાતાઓને અનુરોધ છે.

**નં. પીઆરઓ/૭૩૯/૨૦૨૨-૨૩** — **ડે.મ્યુ. કમિશ્નર**

**તા. ૧૭/૦૨/૨૦૨૩** — **સુરત મહાનગરપાલિકા**

**સુરતને સ્વચ્છતામાં નંબર - ૧ બનાવીએ**